# વિવાહ



## વર્ષના સૌથી મોંઘા લગ્ન

**અમેરિકન અબજોપતિ ફાર્મા ઉદ્યોગપતિ રામા રાજુ મંટેનાની પુત્રી નેત્રા મંટેના અને વામસી ગડિરાજુના ડીસ્ટિનેશન લગ્ન ઉદયપુરમાં થયા હતા. તળાવોનું શહેર ઉદયપુર નવેમ્બર સુધી ટ્રેન્ડમાં રહ્યું હતું. આ લગ્નને 2025ના સૌથી ભવ્ય અને ખર્ચાળ લગ્નોમાં ગણવામાં આવે છે. શાહી લગ્નનો ખર્ચ આશરે 330 કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે. આ કાર્યક્રમમાં ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયર, જેનિફર લોપેઝ, જસ્ટિન બીબર, ડીજે ટિએસ્ટો જેવા આંતરરાષ્ટ્રીય સ્ટાર્સ તેમજ રણવીર સિંહ, માધુરી દીક્ષિત, કૃતિ સેનન, જહાન્વી કપૂર, શાહિદ કપૂર, નોરા ફતેહી જેવા બોલિવૂડ સ્ટાર્સ હાજર રહ્ય હતા.**

## સામંથા રુથ પ્રભુ-રાજ નિદિમોરુ



સામંથા રુથ પ્રભુ અને નિર્દેશક રાજ નિદિમોરુના પરંપરાગત છતાં ખાનગી લગ્ન 2025ના સૌથી વધુ ચર્ચાસ્પદ સંબંધોમાંના એક હતા. સામંથા અને રાજે તેમના મંદિરના લગ્નના ફોટા શેર કરીને બધાને ચોંકાવી દીધા હતા.

## જેફ બેઝોસ-લોરેન સાંચેઝ



સાન જ્યોર્જિયો મેગીઓર ટાપુ પરના સૌથી જાણીતા લગ્નોમાંથી એકની ત્રણ દિવસીય ઉજવણીમાં 200થી ઓછા લોકોએ હાજરી આપી હતી, કિમ કર્દાશિયન, ક્લો કર્દાશિયન, ક્રિસ, કાઈલી અને કેન્ડલ જેનર, ઇવા લોંગોરિયા, ઓર્લાન્ડો બ્લૂમ, બિલ ગેટ્સ, ઇવાન્કા ટ્રમ્પ અને કાર્લી ક્લોસ સહિત અનેક જાણીતી હસ્તીઓ મહેમાનોની યાદીમાં હતી.

## અરમાન મલિક-આશના શ્રોફ



લોકપ્રિય ગાયક અરમાન મલિકે 2 જાન્યુઆરી 2025ના રોજ સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સર આશના શ્રોફ સાથે લગ્ન કર્યા હતા. લાંબા સમયથી ડેટિંગ કરી રહેલા આ દંપતીએ ખૂબ જ ખાનગી સમારોહમાં લગ્ન કર્યા હતા.

## પ્રતીક બબ્બર-પ્રિયા



અભિનેતા પ્રતીક બબ્બરે 14 ફેબ્રુઆરીના રોજ વેલેન્ટાઇન ડે પર મુંબઈમાં તેમની દિવંગત માતા સ્મિતા પાટિલના બાંદ્રા નિવાસસ્થાને અભિનેત્રી પ્રિયા બેનર્જી સાથે લગ્ન કર્યા હતા. આ સમારોહ ઘનિષ્ઠ અને ખાનગી હતો, જેમાં માત્ર નજીકના મિત્રો અને પરિવાર હાજર હતા.

## ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન પણ પરણ્યા



ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન એન્થોની અલ્બેનીઝે 29 નવેમ્બર, 2025ના રોજ કેનબેરાના ધ લોજ ખાતે એક ખાનગી, ઐતિહાસિક સમારોહમાં તેમના સાથી જોડી હેડન સાથે લગ્ન કર્યા હતા, જે કાર્યાલયમાં લગ્ન કરનાર પ્રથમ ઓસ્ટ્રેલિયન વડા પ્રધાન બન્યા હતા.

## ‘આઈ લવ મોહમ્મદ’

4 સપ્ટેમ્બરના રોજ યુપીનાકાનપુરના એક વિસ્તારમાં “આઈ લવ મોહમ્મદ” લખેલું સાઇનબોર્ડલગાવવામાં આવ્યું હતું. આ બોર્ડ સૈયદ નગરમાં ઝફર વાલી ગલી ખાતે મૂકવામાં આવ્યું હતું. આ પછી, 5 સપ્ટેમ્બરના રોજ, કેટલાક મુસ્લિમો દ્વારા હિંદુઓના એક બોર્ડને કથિત રીતે નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. 10 સપ્ટેમ્બરના રોજ પોલીસે 4 અને 5 સપ્ટેમ્બરનીઘટનાઓને લઈને 24 મુસ્લિમ યુવાનો સામે કેસ નોંધ્યો હતો. ‘આઈ લવ મોહમ્મદ’નો વિવાદ કાનપુરથી શરૂ થયો અને બરેલી પહોંચ્યો. હિંસા પણ ભડકી.




# અરવલ્લી વિવાદ



સર્વોચ્ચ અદાલતે અરવલ્લીની ટેકરીઓની ઊંચાઇ આધારિત નવી વ્યાખ્યાને મંજૂરી આપી છે, જે રાષ્ટ્રવ્યાપી ચિંતાને વેગ આપે છે કારણ કે પર્યાવરણવાદીઓએ ચેતવણી આપી છે કે તે ખાણકામની બહારના મોટા પર્યાવરણીય રીતે સંવેદનશીલ વિસ્તારોને નિયંત્રણમુક્ત કરી શકે છે. આ પગલાએ લાંબા ગાળાના પર્યાવરણીય જોખમોને ટાંકીને “સેવ અરાવલી” અભિયાન હેઠળ વિરોધને વેગ આપ્યો છે. પર્યાવરણ સચિવની આગેવાની હેઠળની સમિતિ દ્વારા પ્રસ્તાવિત અને 20 નવેમ્બરના રોજ સુપ્રીમ કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવેલી નવી વ્યાખ્યા હેઠળ, સ્થાનિક રાહત (અથવા સ્થાનિક રૂપરેખા) થી 100 મીટર કે તેથી વધુની ઊંચાઈ પરની કોઈપણ જમીનને તેના ઢોળાવ અને નજીકની જમીન સાથે અરવલ્લી ટેકરીઓનો ભાગ ગણવામાં આવશે.

## કોલ્હાપુરી ચપ્પલ અને પ્રાડા



મહારાષ્ટ્રના કોલ્હાપુરની સીધી સાદી ચપ્પલને વૈશ્વિક ખ્યાતિ ત્યારે મળી જ્યારે ઇટાલિયન લક્ઝરી બ્રાન્ડ પ્રાડાએ તેનો ઉપયોગ તેના સ્પ્રિંગ-સમર 2026 મેન્સ કલેક્શનમાં કર્યો. કોલ્હાપુરી ચપલ પ્રાડાએ બતાવતા ઇન્ટરનેટ પર ધૂમ મચી ગઈ ને વિવાદ પણ થયો. મહારાષ્ટ્રના કારીગરોએ ભૌગોલિક ઓળખ (જી. આઈ.) અધિકારોના ઉલ્લંઘનનો આરોપ લગાવ્યો. છેવટે ઈટાલિયન લક્ઝરી ફેશન હાઉસે ભારતીય જોડાણને માન્યતા આપી અને કહ્યું કે આ ડિઝાઇન ભારતીય હસ્તકળા ફૂટવેરથી પ્રેરિત છે.

# વિવાદ

## ઔરંગઝેબની કબર



17 માર્ચના રોજ ઔરંગઝેબની કબરને લઈને મહારાષ્ટ્રનાનાગપુરમાં હિંસા ફાટી નીકળી હતી. આ હિંસા એક અફવાથી ફાટી નીકળી હતી. બજરંગ દળના કાર્યકરો ઔરંગઝેબની કબરને હટાવવાની માંગ સાથે મહેલ વિસ્તારમાં છત્રપતિ શિવાજીની પ્રતિમા સામે વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા. એવી અફવા હતી કે આ જ પ્રદર્શનમાંકુરાનનેબાળીનાખવામાં આવ્યું હતું. બજરંગ દળે દાવો કર્યો હતો કે ઔરંગઝેબનું પૂતળું બાળવામાં આવ્યું હતું.200-250 લોકોની ભીડ એકઠી થઈ. લોકોના ઘરો પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. અનેક વાહનોને આગ ચાંપવામાં આવી હતી. હિંસામાં 33 જેટલા પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. હિંસા બાદ પણ વિવાદ જારી રહ્યો.

## ન્યાયમૂર્તિ યશવંત વર્મા રોકડ વિવાદ




દિલ્હી હાઈકોર્ટના ન્યાયમૂર્તિ યશવંત વર્માના સત્તાવાર નિવાસસ્થાનમાં લાગેલી આગના પરિણામે એક આઉટહાઉસમાંથી અડધી સળગેલી રોકડ મળી આવી હતી. સુપ્રીમ કોર્ટ કોલેજિયમે તેમની પોતાની અદાલત, અલ્હાબાદ હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવાની ભલામણ કરી હતી. કેન્દ્રએ ટ્રાન્સફરને મંજૂરી આપી હતી પરંતુ અલ્હાબાદ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને તપાસ પૂરી ન થાય ત્યાં સુધી તેમને કોઈ ન્યાયિકામ ન સોંપવા જણાવ્યું હતું. મામલે ઘણો વિવાદ થયો. સંસદ સુધી ગયો.

## વોટ ચોરી અને એસઆઈઆર



એસ. આઈ. આર. (સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન) આ વર્ષે દેશમાં સૌથી વધુ ચર્ચાતો મુદ્દો એસ.આઈ. આર.નો મુદ્દો છે. વિપક્ષ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. ચૂંટણી પંચે બિહારમાં વિધાનસભાની ચૂંટણી પહેલા મતદાર યાદીઓનું વિશેષ સઘન સુધારણા કાર્યક્રમ હાથ ધર્યો હતો. વિપક્ષે સંસદમાં તેના પર ચર્ચાની માંગ કરી હતી, પરંતુ શાસક પક્ષે આ મુદ્દા પર ચર્ચા કરી નહોતી. અંતે, શિયાળુ સત્ર દરમિયાન સંસદમાં ચૂંટણી સુધારાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ સાથે રાહુલ ગાંધીએ જેને હાઇડ્રોજન બોમ્બ ગણાવ્યો એ વોટ ચોરી મામલે પણ ઘણો વિવાદ થયો.



## પરેશ રાવલ અને હેરા ફેરી 3

મે 2025 દરમિયાન પરેશ રાવલ અને હેરા ફેરી 3 ટીમે ચાહકોનું ધ્યાન ખેંચ્યું હતું. નેટિઝન્સને ડર હતો કે પરેશ રાવલ લોકપ્રિય ફ્રેન્ચાઇઝીના આગામી હપ્તાનો ભાગ નહીં બને. જો કે, પાછળથી એવા અહેવાલો આવ્યા કે અક્ષય કુમાર અને ફિલ્મ નિર્માતાઓ સાથેના વિવાદોનો અંત આવ્યો; રાવલ આ પ્રોજેક્ટમાં પાછા ફર્યા.

## જયા બચ્ચન અને પાપારાઝી

જયા બચ્ચન અને પાપારાઝી વચ્ચેના સંબંધો હંમેશા સોશિયલ મીડિયા પર ચર્ચાનો ગરમ વિષય રહ્યો છે. પરંતુ તેમના વિશેની તેમની તાજેતરની ટિપ્પણીએ ફોટોગ્રાફરો અને સોશિયલ મીડિયા યુઝર્સમાં આક્રોશ પેદા કર્યો.





## વક્ફ બિલ સામે વિરોધ

દેશભરમાં વક્ફ બિલ મામલે ઘણો વિવાદ થયો અને વિરોધ દેખાવો પણ થયા. જો કે એપ્રિલ 2025માં પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લામાં હિંસા ફાટી નીકળી. ઘણા ઘરો પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો અને તોડફોડ કરવામાં આવી હતી. જેના કારણે આ વિસ્તારમાં અશાંતિ ફેલાઈ ગઈ હતી. ઘણા હિન્દુ પરિવારોને તેમના ઘરો ખાલી કરવાની ફરજ પડી હતી.

## દીપિકા પાદુકોણ અને 8 કલાકની વર્ક શિફ્ટ



આ વિવાદ મહિનાઓ સુધી ચાલુ રહ્યો. નવી માતા બનેલી દીપિકા પાદુકોણે ફિલ્મના સેટ પર દરરોજ 8 કલાકની વર્ક શિફ્ટની માંગ કરી હતી. આ મામલો ત્યારે વાયરલ થયો જ્યારે તેણે કથિત રીતે સંદીપ રેડ્ડી વાંગાની ‘સ્પિરિટ’ છોડી દીધી અને પછી ‘કલ્કી 2’ થી દૂર થઈ ગઈ. જો કે, ઘણા લોકો કાર્ય-જીવન સંતુલનની માંગણી કરવા બદલ અભિનેત્રીના સમર્થનમાં પણ આવ્યા હતા.

## સંચાર સાથી એપ

SANCHAR SAATHI

તાજેતરમાં સંચાર સાથી એપને લઈને મોટો વિવાદ ફાટી નીકળ્યો. હકીકતમાં, ભારત સરકારે સાયબર છેતરપિંડી અટકાવવા માટે તમામ નવા સ્માર્ટફોન પર એપ્લિકેશનને પૂર્વ-સ્થાપિત કરવાનો આદેશ આપ્યો હતો અને કંપનીઓને કહ્યું હતું કે વપરાશકર્તાઓ પાસે તેમના ફોનમાંથી એપ્લિકેશનને દૂર કરવાનો વિકલ્પ પણ હોવો જોઈએ નહીં. સરકારના નિર્ણય પર ટૂંક સમયમાં ગોપનીયતા અને દેખરેખના પ્રશ્નો ઊભા થયા. જનતા અને વિપક્ષના દબાણ પછી, સરકારે આદેશ પાછો ખેંચી લીધો.